# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

***************************************************

**1)** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુંબઈમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલનના ઉપલક્ષ્યમાં યોજાયેલી બેઠકમાં અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજી.

**2)** ગાંધીનગરમાં NHRC દ્વારા 45માંથી 27 કેસનો નિકાલ કરાયો – પોલીસ સમયસર કાર્યવાહી ન કરે તો માનવધિકાર આયોગમાં ફરિયાદ કરવાની સલાહ.

**3)** કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઈકે કહ્યું , દેશની ઉર્જા પરિવર્તનની યાત્રામાં ગુજરાતની મહત્વની ભૂમિકા.

**4)** ગુજરાતી સુગમ સંગીતના દિગ્ગજ કલાકાર ગૌરાંગ વ્યાસનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન.

**5)** કચ્છના રગ્બીનાં ખેલાડી નમ્રતા ભુડિયાની ચીનમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદગી.

---------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MUMBAI VGSS SUMMIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહારાષ્ટ્રના પાટનગર મુંબઈમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ને અનુલક્ષીને ઉદ્યોગજગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે વનટૂવન બેઠક યોજી. આ પ્રસંગે તેમણે અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત દરમિયાન રોકાણ વિસ્તરણ અને આર્થિક સહયોગ અંગે ચર્ચા કરી. મુખ્યમંત્રીએ રાજ્યના મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ પર પ્રકાશ પાડીને ગુજરાતના વિકાસમાં ભાગીદાર બનવા ટોચના નિગમોને હાકલ કરી. આવતા વર્ષે જાન્યુઆરીમાં યોજાનારા વાઇબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન પહેલા આ રોડ શૉનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અંગે પોતાના અનુભવ રજૂ કરતા AMNS કંપનીનાં મુખ્ય કાર્યકારી અધિકારી – CEO અમિત હરલાલકાએ ગુજરાતમાં બે કરોડ 50 લાખ ટનની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ તૈયાર કરવાની જાહેરાત કરી.

મહિન્દ્રા ગૃપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ કહ્યું , મુખ્યમંત્રી સાથેના સંવાદ દરમિયાન ગુજરાતમાં ઇલેક્ટ્રિક વાહનો અને ગિફ્ટ સિટી ક્ષેત્રે તકોની શોધ કરવા અંગે મહિન્દ્રા ગૃપ સાથે ફળદાયી ચર્ચા કરવામાં આવી.

# NHRC GANDHINAGAR

ગાંધીનગરમાં યોજાયેલી રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ - NHRCની બે દિવસની કેમ્પ સિટિંગ અને ઑપન હિયરિંગમાં 45 કેસની સુનાવણી હાથ ધરાઈ. તેમાંથી 27 કેસનો નિકાલ કરાયો. આ અંગે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ જસ્ટિસ વિ. રામાસુબ્રમણ્યમે કહ્યું , માનવ અધિકારોના પ્રચાર અને જાગૃતિ માટે આયોગ સતત કાર્યરત્ છે. સરકાર તરફથી મોટાભાગના કેસમાં અહેવાલ રજૂ થતા અંતિમ આદેશ કરાયા. આયોગે માનવ અધિકાર ભંગના કેસમાં વળતર ચૂકવવા અંગે પણ આદેશ આપ્યો છે. પોલીસ દ્વારા સમયસર કાર્યવાહી ન થાય તો NHRCમાં ફરિયાદ કરી શકાય છે . આ અંગે NHRCના સેક્રેટરી ઈન્ચાર્જ પિયૂષ ગોયલે વધુ માહિતી આપી.

## (BYTE: PIYUSH GOYAL,

## NATIONAL HUMAN RIGHTS COMMISSION)

***हमारी आयोग की प्रक्रिया है कि अगर कोई भी कम्प्लेन्ट आती है, तो उसमें पहले हम उसमें एक्शन टेकन रिपोर्ट मांगते हैं कंसर्न अथॉरिटी से. यूजुअली हम थ्री या फोर वीक्स में मांगते हैं, और अगर वो नहीं आती तो उसमें हम एक रिमाइंडर देते हैं, और अगर उस रिमाइंडर के पीरियड अवधि में भी नहीं आती तो फिर एक कि आयोग एक नोटिस जारी करता है, जो हमारा लॉ है, उसके अंतर्गत, और उसमें हम संबंधी अधिकारी से कहते हैं कि इस तारीख को आप व्यक्तिगत रूप से पेश होके बताएं कि इसमें क्या कार्रवाई की.***

આ ઉપરાંત NHRCએ ભાવનગરમાં નકલી કેફી દ્રવ્યના સેવન બાદ સર્જાયેલી દુર્ઘટના મામલે સરકાર પાસે એક્શન ટેકન રિપોર્ટ મગાવ્યો છે.

# DEENDAYAL KAUSHLYA YOJANA

રાજ્યમાં દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ ગયા વર્ષે એક હજાર 200થી વધુ ગ્રામીણ યુવાનોને તાલીમ આપી તેમને રોજગારી સાથે જોડાયા. ગ્રામીણ અને છેવાડાના વિસ્તારોમાં રહેતા યુવાનોને પગભર કરવા શરૂ કરાયેલી આ યોજના હેઠળ તાલીમ પૂર્ણ કર્યા બાદ યુવાનોને દર મહિને લઘુત્તમ 10 હજાર રૂપિયાના પગાર સાથે રોજગારીની તક પૂરી પડાય છે.

# GNR RAJYAPAL RATRI SABHA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ખાતે રાત્રિસભા યોજી ગ્રામજનો સાથે સંવાદ કર્યો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ગ્રામીણ એકતા , સંસ્કાર, ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી અને પશુપાલનને પ્રોત્સાહન આપવા આહ્વાન કર્યું.

# UNION MINISTER IN BHARAT RE EXPO

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો ના ઈકે કહ્યું , અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત ભારતની ઉર્જા પરિવર્તનની યાત્રામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. નવી દિલ્હીમાં આગામી નવેમ્બરમાં યોજાનારા ભારત પુનઃપ્રાપ્ય ઉર્જા સંમેલન અને પ્રદર્શન 2026ના ઉપલક્ષ્યમાં અમદાવાદમાં યોજાયેલા રોડ-શૉ કાર્યક્રમને સંબોધતા શ્રી નાઈકે કહ્યું , ચારણકા સોલારપાર્ક જેવી પહેલે દેશમાં મોટાપાયે સૌરઉર્જા વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો.

આ પ્રસંગે રાજ્યના ઉર્જા અને પેટ્રોરસાયણ મંત્રી ઋષિકેશ પટેલે ઉદ્યોગજગતને ગુજરાતમાં સ્વચ્છ અને હરિત ઉર્જા ક્ષેત્રે વધુ રોકાણ કરવા , અદ્યતન ટેક્નોલૉજી અપનાવવા તથા નવા અભિગમ સાથે આગળ આવવા આહ્વાન કર્યું.

## (BYTE: RUSHIKESH PATEL, ENERGY MINISTER)

***हमारी पुरानी संस्कृति जिसमें हम पानी में, वायु में, और अग्नि में शक्ति देखते थे, ऊर्जा देखते थे, वो ऊर्जा का सही इस्तेमाल करने के लिए भारत अब सक्षम हो रहा है. और अगले समय के अंदर ये रिन्यूएबल स्त्रोत है, उसका उपयोग करके पूरा 2070 का रोडमैप हमने 45 सालों का बनाया है.***

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BVR LIQUOR TRAGEDY UPDATE

ભાવનગરમાં નકલી કેફી દ્રવ્યના સેવન બાદ સર્જાયેલી દુર્ઘટનામાં વધુ એક વ્યક્તિનું મોત થતા મૃત્યુઆંક 14 પર પહોંચ્યો છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે , આ મામલે પોલીસ કોન્સ્ટેબલ સહિત હજી 12 જેટલા આરોપી પોલીસ રિમાન્ડમાં છે. જ્યારે સ્ટેટ મૉનિટરિંગ સેલ – SMC દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે અત્યાર સુધીમાં 39 આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# DIU- BSNL

**કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં BSNLના કોપર કેબલની ચોરી મામલે સાત આરોપીઓની દીવ પોલીસે ધરપકડ કરી. ઘોઘલા ચેકપોસ્ટ પાસેથી પકડાયેલા આ આરોપીઓ પાસેથી પોલીસે દોઢ લાખ રૂપિયાની કિંમતનો જથ્થો કબજે કર્યો છે.**

# EVE MANSUKH MANDAVIYA STATE VISIT

**સૌરાષ્ટ્રમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વને લઈ વિવિધ જગ્યાએ લોકમેળાનું આયોજન કરાયું છે. તેમજ લોકોમાં પણ આ પર્વ નિમિત્તે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કચ્છના ભુજમા સાતમ આઠમના બે દિવસના લોકમેળાનો આજથી પ્રારંભ થયો.**

**કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પણ આજે પોરબંદરમાં ચોપાટી મેદાન ખાતે શ્રીકૃષ્ણ સુદામા સાંસ્કૃતિક લોકમેળાના ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. હવે તેઓ રાત્રે ભાવનગરના જવાહર મેદાનમાં જન્માષ્ટમી લોકમેળામાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ સિહોરમાં મુક્તેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કરશે.**

**ભરૂચમાં 250 વર્ષથી ઉજવાતા ચાર દિવસના મેઘરાજા-છડી મહોત્સવનો આજથી પ્રારંભ થયો. સાતમ નિમિત્તે ભોયવાડ સ્થિત ઘોઘારાવ મંદિરમાં પરંપરાગત રીતે પૂજન-અર્ચન કરાયું. આજે સાતમે મેઘરાજાને નવા વસ્ત્રો પરિધાન સાથે ઘોઘારાવ મહારાજના ચોકમાં છડીદારોએ છડીને ઝૂલાવી હતી. આ અંગે ઉત્સવ સમિતિ ભોંય સમાજના ટ્રસ્ટી મયંક જાદવે વધુ માહિતી આપી.**

**(BYTE: MAYANK YADAV, TRUSTEE, UTSAV SAMITI BHOI SAMAJ)**

***શ્રાવણ વદ સાતમ 12 કલાકે કોઈવારમાં છડી જુલાવવામાં આવશે. સાંજે5 વાગ્યે છડીનું સમાપન થશે. ત્યારબાદ 7 વાગ્યે સેવા રમાશે અને સેવાડાનું સમાપન રાત્રે 10 વાગ્યે થશે. તેમજ જન્માષ્ટમીના દિવસે બપોરે બે કલાકે છડીને નચાવામાં આવશે અને 6 વાગ્યા સુધી એમનું દર્શનાર્થે મૂકવામાં આવશે. અને સાંજે7 વાગ્યે નાના નાના છોકરાઓ અને વડીલો સેવાડા અને સાંકળ રમશે.***

**તો, સાબરકાંઠામાં શીતળા સાતમ નિમિત્તે ભક્તોએ શીતળા માતાનાં મંદિરમાં દર્શન કર્યા. ભક્તોએ ઠંડું ભોજન જમીને શીતળામાતાનાં વ્રતનું પાલન કર્યું.**

# EVE GAURANG VYAS DEMISE

**ગુજરાતી સુગમ સંગીતના દિગ્ગજ કલાકાર અને ગાયક ગૌરાંગ વ્યાસનું 87 વર્ષની વયે અવસાન થયું. ગત મોડી રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આજે અમદાવાદમાં સ્વર્ગીય ગૌરાંગ વ્યાસની અંતિમ વિધિ કરવામાં આવી. તેમના અવસાનથી કળા , સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘેરા શોકની લાગણી વ્યાપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ સોશિયલ મીડિયા સંદેશમાં સ્વર્ગીય ગૌરાંગ વ્યાસને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.**

## (VOICECAST: CHAITALI JOSHI)

***(.... સ્વર્ગીય ગૌરાંગ વ્યાસે અનોખી અને પ્રયોગશીલ સંગીતશૈલીથી ગુજરાતી સંગીત જગતને સમૃદ્ધ બનાવ્યું હતું માત્ર પાંચ વર્ષની વયે તેમણે હાર્મોનિયમ પર વૈષ્ણવજન વગાડવાનું શરૂ કર્યું હતું. પિતા અવિનાશ વ્યાસ સાથે જયસંત તોરલ ફિલ્મમાં સહાયક તરીકે જોડાઈ તેમણે પોતાની ફિલ્મી સંગીત યાત્રાનો પ્રારંભ કર્યો. લાખો ફૂલોની ફિલ્મથી તેમણે સ્વતંત્ર સંગીતકાર તરીકેની ઓળખ સ્થાપિત કરી ત્યારબાદ તેમણે કેતન મહેતાની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ફિલ્મ ભવની ભવાઈ, મણિયારો, નસીબની બલિહારી, સહિત 100 થી વધુ ફિલ્મોમાં અમર સંગીત આપ્યું. તેમણે આશા ભોસલે, કિશોર કુમાર, મન્ના ડે, મહેન્દ્ર કપૂર, સુમન કલ્યાણપુર, ભુપેન્દ્ર સિંહ અને પ્રફુલ દવે જેવા ગાયકો પાસે મણિયારો તે હળવું હળવું થઈ રે વીઓ અને હુતુ હુતુ જાંમી રમતની ઋતુ જેવા યાદગાર ગીતો ગવડાવ્યા હતા. ચૈતાલી જોશી પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ.)***

# KTC PLAYER SELECTION

કચ્છના ખેલાડી નમ્રતા ભુડિયાની ભારતીય અંડર-18 ગર્લ્સ રગ્બી ટીમમાં પસંદગી થઈ. આ સિદ્ધિ સાથે નમ્રતા આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરનારાં રાજ્યનાં પ્રથમ રગ્બી ખેલાડી બની ગયાં છે. તેઓ આગામી પાંચ અને છ સપ્ટેમ્બરે ચીનમાં યોજાનારી એશિયા રગ્બી એમિરાટ્સ અંડર-18 સેવન્સ 2026 આંતરરાષ્ટ્રીય રગ્બી સ્પર્ધામાં ભારતીય ટીમ તરફથી મેદાનમાં ઉતરશે.

નમ્રતા ભુડિયાએ તાજેતરમાં હૈદરાબાદમાં યોજાયેલી અંડર-19 ઇન્ડિયન નેશનલ રગ્બી સ્પર્ધામાં સર્વોચ્ચ સ્કોરરનું બહુમાન મેળવ્યું હતું. તેમણે ગુજરાતની જુનિયર ગર્લ્સ અને સિનિયર વિમેન્સ રગ્બી ટીમનું સફળતાપૂર્વક સુકાની તરીકે નેતૃત્વ પણ કર્યું છે.

S